# Visit of the Foreign Secretary to Russia (February 17-18, 2021)

February 18, 2021

---

# વિદેશ સચિવની રશિયાની મુલાકાત (ફેબ્રુઆરી 17-18, 2021)

ફેબ્રુઆરી 18, 2021

1. વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શૃંગલા ભારત-રશિયા વિદેસ કચેરીનાં પરામર્શો માટે 17-18 ફેબ્રુઆરી 2021 નાં રોજની મોસ્કોની અધિકૃત મુલાકાત પર છે.

2. વિદેશ સચિવે રશિયાનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી સર્ગેઇ લાવરોવ સાથે ગઇકાલે મુલાકાત કરી હતી. પારસ્પરિક સાનુકૂળ તારીખે ભારતની મુલાકાત લેવા માટેનો વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરનો આમંત્રણનો પત્ર તેઓએ વિદેશ મંત્રી લાવરોવને સોંપ્યો હતો. વિદેશ મંત્રી લાવરોવે આમંત્રણનો સ્વિકાર કર્યો હતો અને વહેલાસર ભારતની મુલાકાત લેવાની પોતાની મરજી વ્યક્ત કરી હતી.

3. રશિયન ઉપ વિદેશ મંત્રી મહામહિમ ઇગોર મોર્ગુલોવ સાથે ગઇકાલે પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોનાં મહત્વનાં પાસાઓની સમીક્ષા કરી હતી અને પ્રાંતિય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું પણ આદાન-પ્રદાન કર્યું હતું. બન્ને પક્ષો વાર્ષિક દ્રિવક્ષીય શિખર સંમેલન સહિત આ વર્ષે ઉચ્ચ-સ્તરનાં આદાન-પ્રદાનો માટેનાં રોડમેપ પર પણ સંમત થયા હતા.

4. આજે વિદેશ સચિવે રશિયન ઉપ વિદેશ મંત્રી મહામહિમ શ્રી સર્ગેઇ રરયાબકોવ સાથે ખાસ કરીને નિઃશસ્ત્રિકરણ અને અપ્રસારની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરતા બહુપક્ષીય મુદ્દાઓ પર ગહન દ્રષ્ટિકોણોની આપલે પણ કરી હતી.

5. ગઇકાલે રશિયન ડિપ્લોમેટિક એકેડમી ખાતે પોતાનાં સંવાદ દરમિયાન, વિદેશ સચિવે વૈશ્વિક સંદર્ભમાં ભારત-રશિયાનાં સંબંધોની અગત્યતા પર પ્રકાશ પાડ્યો હતો. આજે વિદેશ સચિવે દ્વિપક્ષીય તેમજ મુદ્દાગત વૈશ્વિક સમસ્યાઓ પર અગ્રિમ રશિયન થિંક ટેંક સાથે દ્રષ્ટિકોણોનું સમૃદ્ધ આદાન-પ્રદાન પણ કર્યું હતું.

6. વિદેશ સચિવની આ મુલાકાત પૂર્વે મોસ્કોમાં 15 ફેબ્રુઆરી 2021 નાં રોજ બન્ને પક્ષો વચ્ચે DG સ્તરનાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ની બાબતો અને નીતિનાં આયોજન પર વિદેશ કચેરીનાં પરામર્શો યોજવામાં આવ્યા હતા.

7. આ મુલાકાત આ વર્ષે 'આત્મનિર્ભર ભારત' પ્રોગ્રામ અંતર્ગત ભારતમાં રોકાણ કરવાની રશિયાની ઇચ્છા તથા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં બિન-કાયમી સભ્યપદની અને BRICS અધ્યક્ષ તરીકેની ભારતની વર્તમાન અવધીનાં સંદર્ભમાં બહુપક્ષીય મોરચે નિકટનું સંકલન કરવા સહિત દ્વિપક્ષીય સંબંધો માટેનાં સઘન આયોજનની ઓળખ, આપણા વ્યૂહાત્મક સંબંધોનાં નવા પ્રવેગકો પર સમજૂતિઓ દ્વારા ભારત અને રશિયા વચ્ચે નિકટની, વિશેષ અને વિશોષાધિકાર ધરાવતી ભાગીદારી વધારે મજબૂત કરવામાં ઉપયોગી રહી હતી.

**મોસ્કો**
**ફેબ્રુઆરી 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.